* A A D - 0 0 1 - 0 0 1 9 1 1 *

**AAD-001-001911** Seat No. ________

# B. A. (Sem. VI) (CBCS) Examination

**March / April – 2016**

## Gujarati : Paper - XXI

*(લોકસાહિત્ય : સંજ્ઞા અને સ્વરૂપ, સંશોધન) (Optional) (New Course)*

**Faculty Code : 001**
**Subject Code : 001911**

Time : **2.30** Hours] [Total Marks : **70**

**સૂચના :** (૧) પહેલા પ્રશ્નમાં બહુવૈકલ્પિક ૨૦ પ્રશ્નો છે.

(૨) જમણી બાજુના અંક પ્રશ્નના ગુણ દર્શાવે છે.

(૩) M.C.Q. પ્રશ્નોના જવાબ ઉત્તરવહીમાં જ આપવાના રહેશે.

૧ નીચે આપેલ પ્રશ્નોનાં વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી લખો. ૨૦

(૧) કયા સમયનું લોકસાહિત્ય સૌથી વધુ પ્રમાણમાં લુપ્ત થઈ ગયું છે ?

(A) મધ્યકાલીન (B) પ્રાચીન

(C) આધુનિક (D) અર્વાચીન

(૨) મધ્યકાળમાં લોકોની નિરક્ષરતા કયા પ્રકારના સાહિત્યનું પોષક પરિબળ બને છે ?

(A) અર્વાચીન સાહિત્ય (B) આધુનિક સાહિત્ય

(C) લોકસાહિત્ય (D) દલિત સાહિત્ય

(૩) નીચેનામાંથી કઈ કઈ બાબતો લોકસાહિત્યને વિકસાવવામાં નોંધપાત્ર ભૂમિકા ભજવે છે ?

(A) ધંધાદારી કથકો-ગાયકો (B) નિરંતર યુદ્ધ - ધીંગાણા

(C) ઉત્સવપ્રિય સમાજ (D) A, B,C ત્રણેય

(૪) નીચેનામાંથી કયું સ્વરૂપ લોકસાહિત્યનું ગદ્યસ્વરૂપ નથી ?

(A) લોકભજન (B) કહેવત

(C) દંતકથા (D) લોકવાર્તા

(૫) લોકગીતનું પ્રધાન લક્ષણ કયું છે ?

(A) ગેયતા (B) લયતા

(C) પ્રાસ (D) છંદ

(૬) કથાપ્રધાનતા, નાદવૈભવ, ચિત્રાત્મક વર્ણન, આરંભ-મધ્ય-અંત, તળપદી ભાષા વગેરે કયા સ્વરૂપની વિશેષતા છે ?

(A) લોકગીત (B) લગ્નગીત

(C) લોકકથા (D) લોકભજન

(૭) નીચેનામાંથી લોકસાહિત્યનું ગદ્ય-પદ્ય મિશ્ર સ્વરૂપ કયું છે ?

(A) ટુચકા (B) ભવાઈ વેશ

(C) ખાંયણાં (D) બાળગીત

(૮) નીચેનામાંથી ઝવેરચંદ મેઘાણી પૂર્વેના લોકસાહિત્યના સંશોધક-સંપાદક કોણ નથી ?

(A) નર્મદ (B) ફાર્બસ સાહેબ

(C) મહિપતરામ (D) જયમલ્લ પરમાર

(૯) નીચેનામાંથી નર્મદનો સંપાદિત ગ્રંથ કયો છે ?

(A) બ્રાહ્મણ સ્ત્રીઓનાં ગવાતાં ગીત (B) સુરતનાં લગ્નગીત

(C) નાગર સ્ત્રીઓનાં ગવાતાં ગીત (D) દક્ષિણનાં લોકગીત

(૧૦) નીચેનામાંથી મહિપતરામ નીલકંઠ સંપાદિત પુસ્તક કયું છે ?

(A) ભવાઈ વેશ (B) લોકગીત

(C) ભવાઈ સંગ્રહ (D) લોકકથા

(૧૧) 'ગુજરાત કાઠિયાવાડ દેશની વાર્તાઓ' કોનું પુસ્તક છે ?

(A) ફરામજી બમનજી માસ્ટર (B) કુરશેદ રૂસ્તમજી ઈરાની

(C) ભટ્ટ ખીમજી થમનજી (D) અંગ્રેજ મહિલા મેરિયન

(૧૨) નીચેનામાંથી હરગોવિંદદાસ કાંટાવાળાનું પુસ્તક કયું છે ?

(A) લોકકથા (B) પંચામૃત

(C) કચ્છ સંગ્રહ (D) ટચુકડી સો વાર્તા ભાગ ૧-૫

(૧૩) શિક્ષિત લોકોમાં લોકસાહિત્યની પ્રતિષ્ઠા કરનાર ગુજરાતી વિધાન કોણ છે ?

(A) જયમલ્લ પરમાર (B) ઝવેરચંદ મેઘાણી

(C) કવિ દલપતરામ (D) ગીજુભાઈ બધેકા

(૧૪) ઝવેરચંદ મેઘાણી સંપાદિત 'સૌરાષ્ટ્રની રસધાર'ના કુલ કેટલા ભાગ છે ?

(A) ચાર (B) છ

(C) પાંચ (D) સાત

(૧૫) મેઘાણીનું 'રૂઢિયાળી રાત' ભાગ ૧-૪ શેનું પુસ્તક છે ?

(A) લોકગીત (B) લોકવાર્તા

(C) લોકકથા (D) લગ્નગીત

(૧૬) નીચેનામાંથી કયું પુસ્તક જયમલ્લ પરમારનું નથી.

(A) આપણી લોકસંસ્કૃતિ (B) ગુજરાતની રસધાર

(C) લોકસાહિત્ય અને સંસ્કૃતિ (D) ધરતીની અમીરાત

(૧૭) ગુજરાત સમાચાર દૈનિકની રવિવારની પૂર્તિમાં 'લોકજીવનનાં મોતી' ના કટાર લેખક કોણ છે ?

(A) ખોડીદાસ પરમાર (B) જયમલ્લ પરમાર

(C) જોરાવરસિંહ જાદવ (D) મહંમદ માંકડ

(૧૮) 'લોકસાહિત્યમાં પંખીઓ' કોનું પુસ્તક છે.

(A) પુષ્કર ચંદરવાકર (B) ઝવેરચંદ મેઘાણી

(C) ગોકુલદાસ રાયચુરા (D) ખોડીદાસ પરમાર

(૧૯) ભડલીવાક્યમાં શેનું ભવિષ્યકથન હોય છે ?

(A) રાશિઓનું (B) આભ, ઋતુ ને નક્ષત્રનું

(C) હવામાનનું (D) કોઈનું નહીં

(૨૦) ઢોલકું, નગારું એ કયા પ્રકારનાં લોકવાદ્યો છે ?

(A) તાલવાદ્ય (B) તંતુવાદ્ય

(C) શાસ્ત્રીય વાદ્ય (D) સુષિરવાદ્ય

૨ લોકસાહિત્યને ઘડનાર પરિબળોની સદષ્ટાંત સમીક્ષા કરો. ૧૦

**અથવા**

૨ લોકસાહિત્યના ગદ્ય-પદ્ય અને મિશ્ર સ્વરૂપમાં પડેલી કલાત્મકતાની સાધક-બાધક ચર્ચા કરો. ૧૦

૩ લોકસાહિત્યના સંશોધન-સંપાદન ક્ષેત્રે ઝવેરચંદ મેઘાણીનું પ્રદાન મૂલવો. ૧૦

**અથવા**

૩ ઝવેરચંદ મેઘાણી પછીના લોકસાહિત્યનાં સંશોધકો-સંપાદકોનો પરિચય આપો. ૧૦

૪ (અ) ટૂંકનોંધ લખો : (કોઈ પણ એક) ૦૮

(૧) અસાઈત ઠાકરનું 'ભવાઈ'માં પ્રદાન.

(૨) ભડલી વાક્ય એટલે શું ?

(બ) ટૂંકનોંધ લખો : (કોઈ પણ એક) ૦૮

(૧) મેઘાણી પૂર્વેના સંશોધકો-સંપાદકો.

(૨) લોકવાદ્યનો પરિચય આપો.

૫ ટૂંકનોંધ લખો : (કોઈ પણ બે) ૧૪

(૧) લોકનાટ્ય 'ભવાઈ'નો પરિચય આપો.

(૨) લોકસંગીતનો લોકજીવન પર પ્રભાવ.

(૩) ભટ્ટ ખીમજી થમનજીનું લોકસાહિત્ય ક્ષેત્રે પ્રદાન.

(૪) લોકસાહિત્ય ક્ષેત્રે જયમલ્લ પરમારનું પ્રદાન.